# ૩૦ ઓગષ્ટ -૨૦૧૬ (મંગળવાર)

**(૧) 'સૌની યોજના' :-**

- સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરીગેશન યોજના.
- સૌરાષ્ટ્ર વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ ઉંધી રકાબી જેવી છે. તેનાથી બધી બાજુ ઢોળાવ હોવાથી નદીઓનું વિસ્તરણ ટૂંકુ હોય છે.
- આ વિસ્તારમાં એકપણ બારમાસી કે લાંબી નદીઓ ન હોવાથી આ વિસ્તારોમાં પડતા વરસાદના પાણસને રોકવા સિંચાઈ યોજનાઓ અને બંધો પુરેપુરા ભરાતા નથી.
- તેથી સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરીગેશન યોજના એટલે કે 'સૌની યોજના'નો શુભારંભ કરવામાં આવ્યો.
- આ યોજના થકી નર્મદાના પુરના વધારાના પાણી પૈકી સૌરાષ્ટ્ર વિસ્તારને એક મિલિયન એક ફીટ પાણી મળશે.
- આ માટે ૧૧૨૬ કિ.મી. લંબાઇની ચાર લીંક કેનાલો પાઇપ નહેરો દ્વારા નર્મદાના પાણી પહોંચાડાશે.
- સૌની યોજના હેઠળ નર્મદાના નીર થી સૌરાષ્ટ્ર ૧૧ જિલ્લાના ૧૧૫ ડેમ ભરવામાં આવશે.
- આ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે આજ ૩૦ ઓગસ્ટ, ૨૦૧૬ ના રોજ ધ્રોળ તાલુકાના સળોસરા ગામે આજી-૩ ડેમથી પ્રથમ ચરણનો શુભારંભ થયો.
- અંદાજીત ખર્ચ : રૂા.૧૨૦૦૦ કરોડ
- વડાપ્રધાન મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ૨૫-૯-૨૦૧૨ના રોજ પંડિત દીનદયાળજીના જન્મદિને રાજકોટના હેમુ ગઢવી હોલ ખાતે આ યોજનાની જાહેરાત કરી હતી.
- પંડિત દીનદયાળજીનું સુત્ર ક્
  'હર ખાતે કો પાની, હર હાથ કો કામ''

**(૨) મતદાર સુધારણા યાદી ઝુંબેશ :**

- ગુજરાતમાં કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ૧૫મી સપ્ટેમ્બરે મતદાર યાદીનો ડ્રાફ્ટ પ્રસિદ્ધ થશે.
- ત્યારબાદ સમગ્ર ગુજરાતમાં ૧૫ મી સપ્ટેમ્બરથી ૧૪મી ઓક્ટોબર સુધી મતદાર યાદી અપડેટ કરવાની ઝુંબેશ ચાલશે.
- આ ઝુંબેશ અંતર્ગત નિયત બુથ પર નામ-સરનામામાં ફેરફાર ઉપરાંત જાન્યુઆરી, ૨૦૧૬ની સ્થિતિએ જેમણે ૧૮ વર્ષ પુરા ક્યા હોય તેવા યુવક-યુવતીઓ નામ નોંધાવી શકશે.

**(૩) જસપ્રીત બુમરાહ : ભારતીય ક્રિકેટર :**

- જાન્યુઆરી-૨૦૧૬માં ટી-૨૦ ક્રિકેટમાં પદાર્પણ કરનાર ટીમ ઇન્ડિયાના ઝડપી બોલર જસપ્રીત બુમરાહે પોતાના પ્રથમ કેલેન્ડર વર્ષમાં સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ બનાવી લીધો છે.
- બુમરાહે આ વર્ષે શાનદાર પ્રદર્શન કરતાં ૨૧ મેચમાં ૨૮ વિકેટ ઝડપી છે.
- આ પહેલા ટી-૨૦ ક્રિકેટમાં એક કેલેન્ડર વર્ષમાં સૌથી વધુ વિકેટ ઝડપવાનો રેકોર્ડ ઓસ્ટ્રેલિયાના ડર્ક નેનેસના નામે હતો જેણે વર્ષ ૨૦૧૦માં ૧૪ મેચમાં ૨૭ વિકેટ ઝડપી હતી.

**(૪) ઐશ્વર્યા ધનુષ :**

- તમિલનાડુના સુપરસ્ટાર રજનીકાંતની દિકરી ઐશ્વર્યા ધનુષ યુએનના સભ્ય બન્યા.
- તે ભારતમાં લૈંગિક સમાનતા અને મહિલા સશક્તીકરણ માટે કામ કરશે.

પ્રશ્નો :

(૧) સૌની યોજનાનું પુરૂ નામ જણાવો.
- સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરીગેશન યોજના

(૨) સૌની યોજના અંતર્ગત અંદાજીત ખર્ચ કેટલો થશે ?
- રૂા. ૧૨,૦૦૦ કરોડ

(૩) વડાપ્રધાન મોદી દ્વારા ક્યાં સ્થળેથી સૌની યોજનાનું ઉદ્ઘાટન કરાયુ અને ક્યારે ?
- ધ્રોલ તાલુકાના સણોસરા ગામ નજીક આજી-૩ ડેમ, ૩૦ ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ

(૪) સૌની યોજના અંતર્ગત કેટલી લીન્ક કેનાલ તૈયાર થશે અને કેટલા કિમી. ની હશે ?
- ૪, ૧૧૨૬ કિમીની લંબાઇ

(૫) સૌની યોજના અંતર્ગત સૌરાષ્ટ્રના કેટલા જિલ્લાના કેટલા ડેમોને આવરી લેવાશે ?
- ૧૧ જિલ્લાના ૧૧૫ ડેમ

(૬) 'હર ખેત કો પાની, હર હાથ કો કામ' કોનું સુત્ર છે ?
- પંડિત દિનદયાળ

(૭) કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા કયાં સમયે મતદાર સુધારણા યાદી ઝુંબેશ ચલાવવામાં આવશે ?
- ૧૫ સપ્ટેમ્બરથી ૧૪ ઓક્ટોબર

(૮) ટી-૨૦ ક્રિકેટમાં એક કેલેન્ડર વર્ષમાં સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ કોના નામ પર છે ?
- જસપ્રીત બુમરાહ

(૯) તાજેતરમાં કયાં ભારતીયને યુએનના સભ્ય બનાવાયા છે જે ભારતમાં લૈંગિક સમાનતા અને મહિલાસશક્તિ કરણા માટે કરશે ?
- ઐશ્વર્યા ધનુષ

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧